# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-08-2025 Day: Friday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ઓનલાઇન ગેમિંગ પ્રમોશન અને રેગ્યુલેશન બિલ 2025 પસાર

સંસદમાં ગઇકાલે ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગ્યુલેશન બિલ, ૨૦૨૫ પસાર થયું જેને રાજ્યસભા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ બિલ ઈ-સ્પોર્ટ્સ અને ઓનલાઈન સોશિયલ ગેમ્સને પ્રોત્સાહન આપવા તેમજ તેનાથી સંબંધિત હાનિકારક ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ, જાહેરાતો અને નાણાકીય વ્યવહારો પર પ્રતિબંધ મૂકવા વિશે છે. તે ક્ષેત્રના સંકલિત નીતિ સમર્થન, વ્યૂહાત્મક વિકાસ અને નિયમનકારી દેખરેખ માટે ઓનલાઈન ગેમિંગ ઓથોરિટીની નિમણૂકની જોગવાઈ કરે છે. આ બિલનો ઉદ્દેશ્ય યુવાનો અને નબળા વર્ગોને આવી રમતોના પ્રતિકૂળ સામાજિક, આર્થિક, માનસિક અને ગોપનીયતા-સંબંધિત પ્રભાવોથી બચાવવાનો છે.

---------------------------------------------------------------------------------------

## સંસદનં ચોમાસુ સત્ર સમાપ્ત

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી છે. આ સાથે, ગયા મહિનાની ૨૧મી તારીખે શરૂ થયેલ સંસદનું ચોમાસુ સત્ર સમાપ્ત થયું છે. વિવિધ મુદ્દાઓ પર વિપક્ષી સાંસદો દ્વારા કરવામાં આવેલા વિક્ષેપોને કારણે સમયના બગાડ પર નારાજગી વ્યક્ત કરતા શ્રી બિરલાએ કહ્યું કે આ સત્રમાં ગૃહ માંડ ૩૭ કલાક પણ ચાલી શક્યું નથી.

---------------------------------------------------------------------------------------

## રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ 15 લાખથી વધુ આવસનું નિર્માણ

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અત્યાર સુધીમાં 15 લાખથી વધુ આવાસનું નિર્માણ પૂર્ણ થયું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અંતર્ગત વર્ષ 2016-17થી વર્ષ 2024-25 સુધીમાં ભારત સરકાર દ્વારા આઠ લાખ 43 હજાર 168 આવાસનો લક્ષ્યાંક મળ્યો છે. તે પૈકી કુલ છ લાખ 932 આવાસનું બાંધકામ પૂર્ણ થયું છે.

રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ કુલ સાત લાખ 64 હજાર આવાસના લક્ષ્યાંક સામે કુલ નવ લાખ 66 હજાર આવાસ મંજૂર કરાયા છે. આ મંજૂર આવાસ પૈકી નવ લાખ સાત હજાર જેટલા આવાસનું કામ પૂર્ણ થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ 2019માં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ ગુજરાતને વિવિધ શ્રેણીમાં કુલ છ અને વર્ષ 2022માં વિવિધ શ્રેણીમાં કુલ સાત પુરસ્કાર અપાયા છે.

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રીય અવકાશ દિવસની ભુજના રિજનલ સાયન્સ સેન્ટર દ્વારા ઉજવણી

23 ઓગસ્ટ 2023ના રોજ ઈસરો (ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન) એ વિક્રમ લેન્ડરનું ચંદ્ર પર સફળ લેન્ડિંગ કરીને ઈતિહાસ રચી દીધો હતો. ચંદ્રયાન-૩ મિશન પૂર્ણ થતા જ ભારત ચંદ્ર પર સફળ લેન્ડિંગ કરનારો ચોથો દેશ બની ગયો. આ સાથે, તે દક્ષિણ ધ્રુવીય ક્ષેત્રની નજીક ઉતરનાર પ્રથમ દેશ બન્યો હતો. આ  લાગણીસભર અને ગર્વસભર ક્ષણની યાદમાં દર વર્ષ ૨૩ ઓગસ્ટ રાષ્ટ્રીય અવકાશ દિવસ  તરીકે ઉજવવામાં આવે છે.

વિદ્યાર્થીઓમાં અંતરિક્ષ વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ ઊભી કરવા અને ભારતના અવકાશ પ્રવાસ અંગે તેમને માહિતગાર કરવાના હેતુથી જિલ્લા મથક ભુજ ખાતેના રિજનલ સાયન્સ સેન્ટર દ્વારા રાષ્ટ્રીય અવકાશ દિવસની ઉજવણીના ભાગ રૂપે આજે અને આવતીકાલે એક્સપર્ટ ટોક, વિવિધ રસપ્રદ અને જ્ઞાનવર્ધક સ્પર્ધાઓનું અને પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------

## LLDC – કલા સંગમ

ભુજ નજીક અજરખપુર ખાતે આવેલ લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર ખાતે શ્રૃજન એલએલડીસી ક્રાફ્ટ મ્યુઝિયમ દ્વારા આજથી 24 મી ઓગસ્ટ સુધી ત્ર-દિવસીય 'કલા સંગમ'નું આયોજન કરાયું છે. ગુજરાતી સંગીત, સાહિત્ય અને નૃત્યના ત્રિવેણી સંગમ સમા આ આયોજનમાં આ ત્રણેય મુખ્ય કલાઓને આવરી લઇ તે પર વિવિધ પ્રસ્તૂતિ અંગે વિચાર-વિમર્શ, ચર્ચાઓ, માર્ગદર્શન, પ્રશ્નોત્તરી યોજાશે. કચ્છના વિવિધ કલાક્ષેત્રના બાળ-તરુણ-યુવા નવોદિતથી લઇને સ્થાનિકના જ જાણીતા પ્રસિદ્ધ કલાકારો, સાહિત્યકારો અને વિદ્વાનો જોડાશે.

---

## સિંદૂરવન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ગત તા.૨૬ મી મેના ભુજ ખાતેના કાર્યક્રમમાં ઓપરેશ સિંદૂર અંતર્ગત લશ્કરી જવાનોના અદમ્ય શૌર્ય અને પરાક્રમની કાયમી સ્મૃતિ માટે "સિંદૂર વન"નું નિર્માણ કરવા આહવાન કરવામાં આવેલ હતું..જે અંતર્ગત કચ્છ જિલ્લાના ભુજ તાલુકાના મિરઝાપર અનામત જંગલ વિસ્તારના અંદાજે ૧૭ હેક્ટર વિસ્તારામાં "સિંદૂર વન" નું નિર્માણ કરવાનું આયોજન કરવામાં આવેલું છે. જેમાં ફેઝ-૧ વાવેતર તથા તેને સંલગ્ન કામગીરી તથા ફેઝ-૨ વાવેતર સિવાયની કામગીરી કરવામાં આવશે.

---

## પૂર્વ કચ્છમાં ભૂકંપના આંચકા

પૂર્વ કચ્છમાં ગઈ રાતે સાત જ મિનિટમાં ભૂકંપના બે હળવા આંચકા નોંધાયા હતા. રાત્રે 10 અને 12 મિનિટ ભચાઉ પાસે 3.4 ની તીવ્રતાનો આંચકો નોંધાયા પછી 10 અને 19 મિનિટે રાપર નજીક હળવું કંપન અનુભવાયું હતું. જેની તીવ્રતા 2.7 ની નોંધાઈ હતી. પ્રથમ આંચકોનું કેન્દ્રબિંદુ ભચાઉથી ૨૦ કિમી ઉત્તર ઉત્તર પૂર્વમાં, જ્યારે બીજો આંચકોનું કેન્દ્રબિંદુ રાપરથી ૧૯ કિમી દૂર ઉત્તર ઉત્તર પશ્ચિમમાં નોંધાયું હતું.

---

## વરસાદ

ગઇકાલે સવારના છથી આજે સવારના છ વાગ્યા સુધી થયેલ વરસાદ અંગે જિલ્લા કંટ્રોલમાંથી મળેલી તાલુકાવાર માહિતી જોઇએ તો ગઇકાલે સૌથી વધુ અબડાસામાં 24 મિ.મિ. , માંડવી 22, લખપત અને નખત્રાણામાં 9-9 મિ.મિ. અંજારમાં 3, ગાંધીધામમાં 2 અને ભુજ તાલુકામાં 1 મિલિમિટર વરસાદ નોંધાયો હતો.

-----------------------------------------------------------------------------------